# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ELE COMPONENT MFG POLICY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫ જાહેર કરી છે. આ પોલિસીને કારણે કેન્દ્રનાં ઇલેક્ટ્રોનિક અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા મંજૂરી અને સહાય પ્રાપ્ત એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે.

આ પોલિસી દ્વારા રાજ્યમાં ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુના નવા રોકાણો આવવાનું અને ઉચ્ચ કુશળતા ધરાવતા લોકોને મોટા પાયે રોજગારી મળવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

પોલિસીને પરિણામે રાજ્યમાં મલ્ટી લેયર અને HDI પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, લિથિયમ આયન સેલ, SMD, પેસિવ કમ્પોનન્ટ્સ, ડિસ્પ્લે અને કેમેરા મોડ્યુલ્સ, ઈલેટ્રોનિક્સ પાર્ટસ તેમજ તેના ઉત્પાદન માટે જરૂરી વિશેષ મશીનરી સહિત આવશ્યક ઉદ્યોગો - એકમોને રાજ્યમાં રોકાણ માટે પ્રોત્સાહન મળશે.

આ પોલિસીનો લાભ લેવા તા.૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં અરજી કરવાની રહેશે.

. . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં આજે ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણી માટે શાંતિપૂર્ણ મતદાન ચાલી રહ્યું છે.

મોરબી જિલ્લાની પાંચ તાલુકાની 40 ગ્રામ પંચાયત પર મતદાન ચાલી રહ્યું છે. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીનું મતદાન થાય તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ.સારડાએ વધુ માહિતી આપી.

(બાઇટ: એસ.એચ.સારડા, DySP)

ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થઈ રહ્યું છે. આ ચૂંટણીમાં વયોવૃદ્ધ લોકો પણ ઉત્સાહપૂર્વક મતદાન કરી રહ્યા છે. કલોલ તાલુકાના નારદીપુર ગામના 85 વર્ષીય વૃદ્ધા દીવાબેન વાઘેલા તેમના પૌત્ર સાથે વહેલી સવારે મતદાન કરવા પહોંચ્યા હતા. આ જ ગામના 89 વર્ષના કાંતિભાઈ પ્રજાપતિ પોતે લકવાગ્રસ્ત હોવા છતાં મતદાનની ફરજ નિભાવી હતી.

મહીસાગર જિલ્લાના 6 તાલુકાના 253 બુથ પર મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. ખાનપુર, લુણાવાડા, વીરપુર, બાલાસિનોર, કડાણા અને સંતરામપુરમાં વરસાદી માહોલ વચ્ચે લોકો મતદાન કરી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના વકતાપુર ગામમાં વરસાદી માહોલમાં પણ મહિલાઓમાં મતદાન માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

બોટાદ જિલ્લાના 4 તાલુકાની 92 ગ્રામ પંચાયતોમાં મતદાન થઈ રહ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં 15 જેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. ત્યારે બાકીની 69 ગ્રામ પંચાયતો માટે મતદાન થઈ રહ્યું છે જેમાં સરપંચ પદના 170 ઉમેદવાર મેદાનમાં છે. કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ નખત્રાણાના સુખપર ખાતે મતદાન કર્યું. બનાસકાંઠામાં શાંતિપૂર્ણ માહોલમાં

મતદાન થઈ રહ્યું છે ત્યારે સાંસદ ગેનીબેન ઠાકોરે પોતાના વતન ભાભર તાલુકાના અબાસણા ખાતે મતદાન કર્યું હતું. અરવલ્લી જિલ્લામાં રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભિખુસિંહ પરમારે તેમના વતન ચારણવાડા ગામે મતદાન કરી પોતાની પ્રતિક્રિયા આપી.

**(બાઇટ: ભિખુસિંહ પરમાર, રાજ્યકક્ષાના મંત્રી)**

જામનગર જિલ્લામાં 187 ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. જિલ્લામાં કુલ 426 મતદાન મથકો પૈકી 101 મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરાયા છે. ડાંગ જિલ્લામાં કુલ 42 ગ્રામ પંચાયતોમાં 37 સરપંચો અને 234 વોર્ડ સભ્યોની ચૂંટણી માટે મતદાન થઇ રહ્યું છે. જૂનાગઢ જિલ્લાની 73 ગ્રામ પંચાયતો માટે સરપંચ પદના 185 તથા 717 સભ્ય પદ માટે સહિત 903 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

ગીરસોમનાથ જિલ્લાના વેરાવળમાં 8 ગ્રામ પંચાયત, કોડીનારમાં 24 ગ્રામ પંચાયત, સુત્રાપાડામાં 6, તાલાળામાં 10, ઉનામાં 6 અને ગીર ગઢડામાં 9 ગ્રામ પંચાયતમાં મતદાન થઈ રહ્યું છે. મહેસાણા જિલ્લા ગ્રામ પંચાયતોમાં 11 વાગ્યા સુધી 26.96 ટકા મતદાન થયું છે.

પંચમહાલ જિલ્લાની ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં 26.49 ટકા જ્યારે પેટા ચૂંટણીમાં 26.90 ટકા મતદાન નોંધાયું છે. તાપી જિલ્લાની 47 જેટલી ગ્રામ પંચાયત ખાતે સવારથી મતદાન થઈ રહ્યું છે.

25 જૂનના રોજ મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . .